Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 43,(SURAT), DATE-16/04/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૪૩, (સુરત), તા.૧૬/૦૪/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 તરાજમાં નેશનલ હાઈવેનો કટ બંધ કરાશે, ગ્રામજનોનો વિરોધ કહ્યું ઓવરબ્રિજ બનાવો

3 હિટવેવથી બચવા માટે માર્ગદર્શિકાનું પાલન કરવા તાપી જિલ્લા વહિવટી તંત્ર દ્વારા અનુરોધ

4 સાપુતારામાં પશુ તસ્કરી ઝડપાઈ:૨૧ પશુઓની ક્રૂર હેરાફેરી કરતા ૪ આરોપી પકડાયા, ૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત

## દક્ષિણ ગુજરાત રાજપૂત સમાજ દ્વારા શ્રી ચંદ્ર કિશોર ભવન ચાપલધારા ખાતે ક્ષત્રિય એકતા દિન ઉજવવામાં આવ્યો

















તારીખ : ૧૪/૦૪/૨૦૨૪ ના રોજ ક્ષત્રિયો નુ સાંસદ પુરુષોત્તમ રૂપાલા વિરોધમાં મહામંલેન રાજકોટ રતનપર ખાતે મળ્યું હતું. જેના સંદર્ભે સમગ્ર ગુજરાતમાથી રાજપુત સમાજ સંસ્થાઓની ક્ષત્રિય સંકલન સમિતિના આગેવાની હેઠળ તમામ ક્ષત્રિય સંસ્થાઓ તેમજ સંગઠનો ના ભાઈઓ બહેનો ૮ લાખ થી વધુ સંખ્યા મા એકત્ર થઈ આઝાદી પછી પ્રથમ વાર રાજપૂત સમાજે એકતાનો સુંદર અદભૂત ઐતિહાસીક અનુભવ કરાવ્યો હતો.

તેની યાદમા ૧૪ એપ્રિલ ના દિવસે 'ક્ષત્રિય એકતા દિન 'તરીકે જાહેર કરવામાં આવેલ. હવે થી દર વર્ષે ૧૪ એપ્રિલના રોજ રાજયના તમામ જિલ્લામાં ક્ષત્રિયો એકત્ર થઈ 'રાજપૂત એકતા દિન 'ઉજવશે. જેના અનુંસંધાનમાં ચાપલધારા ખાતે ૧૪ એપ્રિલ, ૨૦૨૫ સોમવાર રોજ દક્ષિણ ગુજરાત રાજપૂત સમાજ ક્ષત્રિય એકતા દિન ની શ્રી ચંદ્રકિશોર ભવન ચાપલધારા (અનાવલ) ખાતે ઉજવણી કરવામાં આવી

આ દિવસે સૌ બારડોલી વાલોડ, પલસાણા, માગોબ વિભાગ રાજપૂત સમાજ ભાઈઓ બહેનો યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માતાજીને પ્રાગટ્ય આરતી કરી ને માઁ શક્તિ ને પ્રાર્થના કરી હતી ક્ષત્રિય અસ્મિતા ઐતિહાસિક ક્ષણને ઉજાગર જીવંત રાખવા માટે ક્ષત્રિય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી.

## રાજપીપળામાં રતનસિંહ મહીડા મેમોરિયલ એવોર્ડની જાહેરાત કરવામાં આવશે



**રાજપીપળા, ભરૂચઃ** રાજપીપળાના જાણીતા કલાકાર વિરાજ કુમારી મહિડાએ તેમના દાદા અને પ્રતિષ્ઠિત સમાજ સુધારક, શિક્ષણવિદ, સ્વર્ગસ્થ રાજપીપળા રતનસિંહજી મહિડાના વારસાને યાદ કરવા માટે 'રતનસિંહજી મહિડા મેમોરિયલ એવોર્ડ' ની સ્થાપના કરી છે. આ એવોર્ડનો ઉદઘાટન સમારોહ તા. ૧૨ મી એપ્રિલના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાજપીપળા ખાતે યોજાશે. સ્વ.રતનસિંહજી મહિડા પુરસ્કાર દર વર્ષે આદિવાસી સમુદાયોના ઉત્કૃષ્ટ વ્યક્તિઓને એનાયત કરવામાં આવશે. જેમનું કાર્ય સ્વર્ગસ્થ રતનસિંહજી મહિડાએ જે મૂલ્યો રજૂ કર્યા હતાં તેની સાથે સુસંગત હશે. પસંદગી પ્રક્રિયાનું નિરીક્ષણ સુરાજપીપળા વિરાજકુમારી મહિડા, રાજપીપળાના અગ્રણી માનવેન્દ્રસિંહ ગોહિલ અને અભિનેતા-ભૂતપૂર્વ સાંસદ ડો. નીતિશ ભારદ્વાજ સહિતની એક પ્રતિષ્ઠિત પેનલ દ્વારા કરવામાં આવશે.

તેમણે રાજપીપળા ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ અને ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ કેળવણી મંડળની સ્થાપના કરી હતી. આ સાથે જ તેમણે આશ્રમશાળાઓ, બાલવાડી સંસ્કાર કેન્દ્રો, કુમાર-કન્યા છાત્રાલયો, શાળાઓ અને કોલેજો સહિત કુલ ૭૨ જેટલી સંસ્થાની સ્થાપના કરી હતી.

## પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટી - કડી વિધાનસભા કાર્યાલયનો ભવ્ય શુભારંભ






### આજે પૈસા વિના ક્યાંય કામ થતું નથી,ભાજપની ટોપી પહેરી હોય તો પણ નહી શંકરસિંહ વાઘેલા

કડીમાં પૂર્વ મુખ્યમંત્રીના પ્રહારો, કતલખાનાં ચલાવનારા ભાજપને ફંડ આપે છે

**વ્યાજખાઉ, જમીન દલાલ, ગુંડાઓની ટોળી એટલે ભાજપ : શંકરસિંહ વાઘેલા**

કડીમાં શંકરસિંહ વાઘેલાએ ભાજપ અને ભાજપના કાર્યકર્તાઓ સામે ઉઠાવ્યા સવાલ : કડી વિધાનસભા પેટા ચૂંટણીમાં પ્રજા શક્તિ ડેમોગ્રેટિવ પાર્ટીના કારેલાના ઉદ્ધ્યાટન પ્રસંગે શંકરસિંહ વાઘેલાએ આપ્યું નિવેદન

## માંડવી નગરપાલિકા તથા વાલ્મિકી સમાજના સંયુક્ત ઉપક્રમે તેમજ માંડવી નગર તથા તાલુકા ભાજપ દ્વારા ડો.બાબા સાહેબ આંબેડકરજી ની ૧૩૪ મી જન્મ જયંતિ ની શાનદાર ઉજવણી કરાય





ડો. બાબા સાહેબ આંબેડકર ની જન્મ જયંતી નિમિત્તે વાલ્મિકી સમાજના ઈશ્વર ભાઈ સોલંકીના ઘરે શુભેચ્છા મુલાકાત લઈ ડો. બાબા સાહેબ આંબે-ડકરજી તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરી સામાજિક સમરસતા નું ઉદાહરણ પૂરું પાડતા મંત્રી શ્રી કુ-વરજીભાઈ હળપતિ સાહેબ, સમગ્ર કાર્યક્રમનું સંચાલન અખિલ ભારતીય વાલ્મિકી મહાસભાના રાષ્ટ્રીય સંગઠન સચિવ ઈશ્વરભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું સૌપ્રથમ માંડવી નગરપાલિકા દ્વારા અને વાભિકી મહાસભા સમાજના ઉપક્રમે ડો. બાબા સાહેબ આંબેડકર ની આટી તથા પુષ્પહાર અર્પણ કર્યા હતા. તેમજ માંડવી નગર તથા તાલુકા ભાજપ દ્વારા ડો બાબા સાહેબ આંબે-ડકર જેના ૧૩૪ માં જન્મદિન નિમિત્તે સુતરની ની આંટી તથા પુષ્પાજલી અર્પણ કરી હતી. આ પ્રસંગે મંત્રી કુંવરજીભાઈ હળપતિ તેમજ સાંસદ પ્રભુભાઈ વસાવા તથા તથા પાલિકા પ્રમુખ નિમે-પભાઈ શાહ માંડવી નગર ભાજપ સંગઠન પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ તેમજ તાલુકા ભાજપ પ્રમુખ અનિલભાઈ ચૌધરી, નટુભાઈ રબારી, નીતિન-ભાઈ શુક્લ તથા નગર તાલુકા તેમજ પાલિકાના સદસ્યો હોદ્દેદારોએ પુષ્પાંજલિ પણ કરી હતી. આ પ્રસંગે સાંસદ પ્રભુભાઈ વસાવા તથા મંત્રી કુંવ-રજીભાઈ હળપતિ દ્વારા જણાવ્યું હતું કે, ડોક્ટર બાબા સાહેબ આંબેડકરજીના જીવન ચરિત્ર વિશે વિસ્તૃત માર્ગદર્શન આપી એમના સંઘર્ષમય જી-વનમાંથી પ્રેરણા મેળવીએ. માંડવી નગરપાલિકા ના સદસ્યો કર્મચારીઓ તેમજ વાલ્મિકી સમાજના ભાઈઓ તથા નગર તથા તાલુકાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતે આભાર વિધિ તાલુકા ભાજપ મહામંત્રી છનાભાઈ વસાવા કરી હતી.

## સમગ્ર દેશના ક્ષત્રિય રાજપુત સમાજ સપાનો (અખિલેશ યાદવ) નો વિરોધ કરશે






### મહિપાલ સિંહ મકરાણાએ રામજી લાલ સુમનને આપી કડક ચેતવણી, તે આગ્રાથી દિલ્હી ભાગી ગયો, અમે પણ દિલ્હી આવી રહ્યા છીએ, ૯ મેના રોજ દિલ્હીમાં મહારાણા પ્રતાપ જયંતિ ઉજવવામાં આવશે

ટુંડલા: રવિવારે પચોખરામાં શ્રી રાજપૂત કરણી સેનાની બેઠક યોજાઈ હતી. આમાં, આગ્રાના રામી ગઢી ખાતે બહાદુર રાણા સાંગાની જન્મજયંતિ પર આયોજિત રક્ત સ્વાભિમાન સંમેલનમાં ભાગ લેનારાઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. તે જ સમયે, ૧૯ એપ્રિલે આગ્રામાં યોજાનાર સપા વડા અખિલેશ યાદવના કાર્યક્રમમાં હાજરી આપનારા ક્ષત્રિયોનો સામાજિક બહિષ્કાર કરવાની ચેતવણી આપવામાં આવી છે.

કરણી સેનાના જિલ્લા કન્વીનર સંજય સિંહ પરમારે જણાવ્યું હતું કે જો ક્ષત્રિય સમુદાયનો કોઈ પણ વ્યક્તિ ૧૯ એપ્રિલે સપાના કાર્યક્રમમાં જશે તો તેની ઓળખ કરીને તેનો બહિષ્કાર કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જે વ્યક્તિ પોતાના સમાજનું સન્માન નથી કરતો તે કોઈનું પણ સન્માન કરી શકતો નથી. તેમણે તમામ ક્ષત્રિય ભાઈઓને સપા વડાના કાર્યક્રમથી અંતર જાળવવા અપીલ કરી છે. વિવેક સીકરવાર, શિવાલય પ્રતાપસિંહ, યતેન્દ્રસિંહ ચૌહાણ, અભિષેક પ્રતાપસિંહ, સન્ની જાદૌન, લોકેશ જાદૌન, આદિત્ય પ્રતાપસિંહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



Date-16/04/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સુરતમાં ભગવદ્ ગીતા કોર્સનું ભવ્ય આયોજન: વરાછામાં ત્રિદિવસીય કાર્યક્રમમાં પારસ પાંધી અને ઉર્વશીબેન રાદડિયાએ કરાવ્યું ગીતાનું રસપાન



સુરત- સોશિયલ આર્મી ગ્રુપના ઉપક્રમે વરાછા સ્થિત સરદાર સ્મૃતિ ભવનમાં શ્રીમદ્ ભગવદ્ ગીતા કોર્સનું ત્રિદિવસીય આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા વક્તા પારસ પાંધીએ ગીતાના તત્વજ્ઞાનનું સરળ વિશ્લેષણ કર્યું. પ્રખ્યાત ભક્તિગાયિકા ઉર્વશીબેન રાદડિયાએ વેસ્ટર્ન કીર્તન શૈલીમાં ભજનોની રમઝટ બોલાવી.

કાર્યક્રમમાં શ્રીરામ કૃષ્ણ એક્સપોર્ટ્સના સ્થાપક ગોવિંદ ધોળકિયાએ શ્રીકૃષ્ણના જીવનમૂલ્યો વિષે પ્રવચન આપ્યું. અંતિમ દિવસે ગુજરાતના શિક્ષણમંત્રી પ્રફુલભાઇ પાનશેરીયાએ ગીતાનો સાર સમજાવ્યો.

કાર્યક્રમમાં નારોલા જેમ્સના ધીરુભાઈ નારોલા, શ્રી હરિ ગ્રુપના રાકેશભાઈ દુધાત, શિવમ જવેલ્સના ધનશ્યામભાઈ શંકર અને ગોલ્ડી સોલારના અરજણભાઇ ધોળકિયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. હજારો કૃષ્ણપ્રેમી નાગરિકોએ કાર્યક્રમમાં હાજરી આપી. કાર્યક્રમના અંતે વક્તા પારસ પાંધીએ સૌને જીવનમાં ગીતાના ઉપદેશો આચરવા પ્રેરણા આપી. સર્વે શ્રોતાઓએ રોજ ગીતા પઠન કરવાનો સંકલ્પ લીધો. આ આયોજન દ્વારા સુરતવાસીઓની શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શ્રીકૃષ્ણ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા પ્રગટ થઈ.

## બુટલેગરોનો નવો કિમિયો: દીવ પોસ્ટલ કર્મચારીની મદદથી દારૂની હેરાફેરી, એકની ધરપકડ





ગુજરાતમાં દારૂ ધુસાડવા માટે અને પોલીસને ચકમો આપવા માટે બુટલેગરો અવનવા કિમિયા કરતા હોય છે, પરંતુ પોલીસની સતર્કતાથી આવા કિમિયા પણ કામ લાગતા નથી. આ દરમિયાન કેન્દ્ર શાસીત પ્રદેશ દિવમાંથી ગુજરાતમાં વિદેશી દારૂ ધુસાડવા માટે બુટલેગરે નવો કિમિયા અજમાવ્યો હતો. પોસ્ટ ઓફિસના માર્કા વાળા થેલામાં દારૂની હેરાફેરી કરતો એક શખસને ઊના પોલીસે ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી અનુસાર, દિવથી ઊના તરફ બાઈખ પર દારૂનો જથ્થો આવતો હોવાની બાતમીના ઊના પોલીસની સર્વેલન્સ સ્ક્વોડની ટીમે દેલવાડા રોડ પર સધન પેટ્રોલિંગ ગોઠવી દીધુ હતું. આ દરમિયાન દિવ તરફથી આવતા બાઈકને રોકીને ચાલક નયન જેઠવાની તપાસ કરી હતી. જેમાં તેની પાસેથી પોસ્ટ ઓફિસના માર્કા વાળા થેલામાંથી વિદેશી દારૂની ૧૯ બોટલ મળી આવી હતી. પોલીસે તેની અટકાયત કરીને દારૂ અને બાઈક કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસની પૂછપરછમાં આ દારૂનો જથ્થો દિવ પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા મયુર ગોહિલની મદદથી લવાતો હોવાની કબુલાત આપી હતી. પોલીસે બંને સામે ગુનો નોંપી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

## મનપા દ્વારા આયુષ્માન આરોગ્ય શિબિર નું આયોજન કરાયું



**સુરત-** વડાપ્રધાન દ્વારા ૧૪મી એપ્રિલ ૨૦૧૮ના રોજ આયુષ્માન ભારત ની શરૂઆત કરવામાં આવી હતી. પાલિકાના દરેક ઝોનના સામુહિક આરોગ્ય કેન્દ્ર પાલ, ભાઠેના, બમરોલી પૂણા, કોસાડ, મગોબ, લિંબાયત, વેસુ અને કતારગામ તેમજ ગોડાદરા, પૂણા સીમાડા શહેરી આરોગ્ય કેન્દ્ર ઉપર પણ આરોગ્ય શિબિરનું આયોજન કર્યું હતું ડે. મેયર ડો. નરેશ પાટીલ નેતા શાસક પક્ષ શશી ત્રીપાઠી દંડક ધર્મેશ વાણીયાવાલા તેમજ અન્ય મ્યુનિસિપલ સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા. આયુષ્માન આરોગ્ય શિબિરમાં કુલ ૨૧,૦૪૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આયુષ્માન આરોગ્ય મંદિર શિબિરના ભાગરૂપે NCD જેવા કે, ૯,૨૬૮ લાભાર્થીઓનું ડાયાબીટીસ અન્વયે સ્ક્રિનિંગ, ૯,૭૪૬ લાભાર્થીઓનું હાઇપરટેન્શન અન્વયે સ્ક્રિનિંગ, ૩,૮૩૨ લાભાર્થીઓનું ટી.બી. અન્વયે સ્ક્રિનિંગ, કેન્સર સ્ક્રિનિંગ પ્રોગ્રામ અન્વયે ૩,૩૧૨ મહીલાઓનું સર્વાઈકલ કેન્સર સ્ક્રિનિંગ તેમજ શંકાસ્પદ ૩૪ કેસનું VIA ટેસ્ટ કરવામાં આવેલ ૩,૯૧૨ મહિલાઓનું બ્રેસ્ટ કેન્સર અન્વયે સ્ક્રિનિંગ અને ૬,૩૦૯ લાભાર્થીઓનું ઓરલ કેન્સર અન્વયે સ્ક્રિનિંગ કરવામાં આવેલ.

તમામ લાભાર્થીઓને NCD અટકાયત અન્વયે સમજણ, ન્યુટ્રીશન અન્વયે કાઉન્સીલિંગ તેમજ કેન્સર અન્વયે લક્ષણોની સમજ, સ્વપરીક્ષણ અને જરૂર જણાયે તાકીદે આરોગ્ય કેન્દ્ર અથવા નજીકની હોસ્પિટલ સંપર્ક કરવા સમજણ આપેલ.

વધુમાં, તમામ આરોગ્ય કેન્દ્રો પર આ પ્રકારની આરોગ્ય સેવાઓ દરરોજ આપવામાં આવે છે. જેથી લાભાર્થીઓને સમયસર આરોગ્ય સેવાઓ અને આરોગ્ય લક્ષી શિક્ષણ મળી.

## પવન કલ્યાણના પત્ની અન્ના કોનિડેલાએ તિરૂપતિ તિરુમાલા મંદિરમાં મુંડન કરાવી ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો



આંધ્ર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણનો પુત્ર સિંગાપોરની એક શાળામાં અભ્યાસ કરે છે. શાળામાં આગ લાગ્યા બાદ પુત્ર માર્ક ઈજાગ્રસ્ત થયો હતો. દુર્ઘટનામાં પુત્રનો બચાવ થતાં પવન કલ્યાણના પત્ની અન્ના કોનિડેલાએ તિરૂપતિ તિરુમાલા મંદિરમાં મુંડન કરાવી ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો. જણાવી દઇએ કે અન્ના કોનિડેલા મૂળ રશિયન છે.

## માંડવીના કરજ ગામમાં મોબાઇલ ચોરીનો બનાવ:દુકાનેથી ખરીદી કર્યા બાદ રોડ ક્રોસ કરતી વખતે યુવકનો ફોન ચોરાયો



માંડવી- માંડવી પોલીસ સ્ટેશનમાં એક મોબાઇલ ચોરીની ફરિયાદ નોંધાઇ છે. ફરિયાદી દેવેન્દ્રકુમાર ગોવર્ધન રાય (ઉંમર ૩૭) જે હાલમાં સુરતના માંડવી તાલુકામાં રહે છે, તેમની સાથે મોબાઇલ ચોરીની ઘટના બની છે.

આ ઘટના માંડવી તાલુકાના કરજ ગામમાં બની હતી. ફરિયાદી રાધે ક્રિષ્ના નામની દુકાનમાં ખરીદી કરવા ગયા હતા. ખરીદી પૂરી કરીને જ્યારે તેઓ દુકાનની બહાર નીકળ્યા અને રોડ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે તેમના પેન્ટના ખિસ્સામાંથી વન પ્લસ કંપનીનો મોબાઇલ ફોન ચોરાઇ ગયો. ચોરાયેલા મોબાઇલની કિંમત રૂ.૧૭,૦૦૦ છે.

આ કેસની તપાસ માંડવી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એ. કે. ઠાકોર કરી રહ્યા છે. હાલમાં આરોપી અજ્ઞાત છે અને પોલીસ તપાસ ચાલુ છે.

## સુરતમાં હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી:આનંદ એવન્યુમાં પાલખી યાત્રા અને મહા આરતી સાથે ઉત્સવ સંપન્ન



સુરત- સુરતના ઉગત-ભેંસાણ રોડ પર આવેલી આનંદ એવન્યુ સોસાયટીમાં હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીનું આયોજન સોસાયટીના સિનિયર સિટીઝન સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સોસાયટીની નાની બાળાઓએ કળશ સાથે આગેવાની લીધી હતી. તેમની પાછળ હનુમાનજીની પાલખી યાત્રા નીકળી હતી. આ યાત્રા સમગ્ર સોસાયટીમાં ફરી હતી. ઉજવણીના ભાગરૂપે સોસાયટીના સભ્યોની વિશાળ હાજરીમાં મહા આરતી યોજવામાં આવી હતી. કાર્યક્રમના અંતે બુંદીના લાડુ અને ગાંઠિયાનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો. પ્રસાદ ગ્રહણ કરી સૌ સભ્યો છૂટા પડ્યા હતા.

## સોનગઢ ચેકપોસ્ટ પાસે કાંદાની આડમાં ૯.૬૦ લાખના દારૂ સાથે ત્રણ પકડાયા



સોનગઢ- હજી ગત રોજે જ માંડળ ચેકપોસ્ટ પાસે દારૂ ભરેલી બોલેરો ઝડપાઇ હતી અને તેના બીજે દિવસે કાંદાની આડમાં કડોદરા તરફ જતી બોલેરો ૯.૬૦ લાખના દારૂ સાથે પકડાઇ હતી.

પીએસઆઇ એ સી ચૌધરીને બાતમી મળી હતી કે નવાપુર તરફ થી આવતી એક બોલેરો વાનમાં કાંદા ની ગુણો ની નીચે વિદેશી દારૂ ભરી કડોદરા લઈ જવામાં આવી રહ્યો છે અને તેની આગળ બે ઈસમ કાર લઈ પાયલોટિંગ કરી રહ્યાં છે. આ અંગે સોનગઢ ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવવામાં આવતાં વહેલી સવારે ૫.૩૦ કલાકે એક કાર માંથી બે ઈસમ મળી આવ્યાં હતાં. એ પછી થોડી જ વારમાં બાતમી પ્રમાણની બોલેરો આવી હતી. આ વાનને અટકાવી તપાસ કરતાં કાંદાની ૫૬ ગુણ મળી હતી અને તેની નીચે દારૂની બોટલ ૭૬૮૦ કે જેની કિંમત ૯,૬૦,૦૦૦ મળી આવી હતી. આ બનાવમાં વાન ચાલક શાહરુખ મુસ્તાક શેખ તથા પાયલોટિંગ કરતી કાર માંથી જાવેદ મહેમુદ શેખ અને વસીમ બશિર શેખની અટક કરવામાં આવી હતી. આ બનાવમાં દારૂ ભરાવનારા પંકજ સુરેશ માળી અને મિલીન્દ્ર ઉર્ફે નાના હરિચન્દ્ર લેંડે તથા મંગાવનાર નરેશ કડોદરાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યાં હતાં. આ બનાવમાં બોલેરો ચાલક ની પૂછપરછમાં બહાર આવેલી વિગત મુજબ પીપળનેર પોલીસ મથકમાં નોકરી કરતો પોલીસ કર્મી મિલીન્દ્ર ઉર્ફે નાના હરિચંદ્ર લોન્ડે ગુજરાતમાં વિદેશી દારૂ ધુસાડવામાં સક્રિય સંડોવણી બહાર આવી હતી. આ પોલીસ કર્મી અને એક અન્ય એ વાન ચાલકને દારૂ ભરીને બોલેરો આપી ગયા હતા અને તેને એક ટ્રીપના ૫૦૦૦ આપવાનું નક્કી કર્યુંહતું.

## તરાજમાં નેશનલ હાઈવેનો કટ બંધ કરાશે, ગ્રામજનોનો વિરોધ કહ્યું ઓવરબ્રિજ બનાવો



બારડોલી- નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા પલસાણા નજીક નેશનલ હાઇવે નંબર-૫૩ પર આવેલા તરાજ ગામ પાસેથી પસાર થતો કટ બંધ કરવાની સંભવિત હિલચાલ સામે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ નેશનલ હાઇવે ઓથોરિટી ,ભરૂચને લેખિતમાં રજૂઆત કરી આ કટ બંધ કરવાથી ઊભી થનારી ગંભીર સમસ્યાઓ વર્ણવી છે અને કાયમી ઉકેલ રૂપે ઓવરબ્રિજ બનાવવાની માગ કરી છે.

ગ્રામજનોએ કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યા અનુસાર તરાજ ગામની ઉત્તર દિશામાં મોટાભાગની ખેતીની જમીનો આવેલી છે. ગામના ખેડૂતો રોજેરોજ બળદગાડા અને ટ્રેક્ટર લઈને ખેતીકામ માટે આ કટનો ઉપયોગ કરે છે. પશુધનને ચરાવવા માટે પણ આ જ માર્ગે લઈ જવામાં આવે છે. કટ બંધ થવાથી ખેતીકામ અને પશુપાલન પર ગંભીર અસર પડશે. ગામની મુખ્ય વસ્તી હાઇવેની દક્ષિણ તરફ વસેલી છે, જ્યારે ઘણા લોકોના ખેતર અને અન્ય જરૂરિયાતો ઉત્તર તરફ છે. આ ઉપરાંત, તરાજ ગામમાંથી પસાર થઈને સામરોદ, કછોલી, પોપડા, લાજપોર, કફલેથા જેવા ગામો તરફ જતા વાહનચાલકો પણ આ કટનો ઉપયોગ કરે છે. કટ બંધ થવાથી આ તમામ લોકોની અવરજવર ખોરવાઈ જશે.

## વ્યારામાં રામજી મંદિર સામેનું સર્કલ હવે શ્રી રામ ચોક તરીકે ઓળખાશે



વ્યારા- વ્યારા નગર ના કાનપુરા વિસ્તારમાં આવેલા શ્રી રામજી મંદિર સામેના સર્કલને હવે શ્રીરામ ચોક તરીકે ઓળખવામાં આવશે. કાનપુરા રહેવાસીઓએ રામનવમીના તહેવારે આ સર્કલનું નામકરણ કર્યું હતું.

વ્યારા નગર સહિત કાનપુરા વિસ્તારમાં આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર ગણાતા શ્રી રામજી મંદિરની સામે આવેલા સર્કલને શ્રી રામચોક સર્કલ કરવા માટે સ્થાનિકો અને ભાવિક ભક્તો ની વર્ષો જૂના મંગા હતી.શ્રી રામજી મંદિર સામે ત્રણ રસ્તાઓ મળે છે. આ સ્થળે રહેવાસીઓ છેલ્લા ઘણા વર્ષોથી નગરપાલિકામાં લેખિત અને મૌખિક રજૂઆતો કરતા હતા. તેમણે પાલિકાને લેખિતમાં પણ જણાવ્યું હતુંકે આ સર્કલને શ્રીરામ ચોક નામ આપવામાં આવે અને એ માટે જરૂરી પરવાનગી પણ માંગવા માં આવી હતી.હાલ રામનવમીના પાવન દિવસે ભાવિક ભક્તો અને સ્થાનિક લોકોએ એકત્ર થઈ સર્કલ ની શ્રી રામ ચોક નું નામકરણ કરી.

## તાપી જિલ્લામાં ૧૬ નાયબ મામલતદારની બદલી

સોનગઢ- તાપી જિલ્લા કલેક્ટરે અન્ય જિલ્લાઓમાંથી બદલી થઈને આવેલા પાંચ સહિત કુલ ૧૬ નાયબ મામલતદારની બદલી કરી છે. નવા અધિકારીઓને ફરજ માટે મુકવામાં આવ્યા છે.

રીટાબહેન કોકણીને નાયબ મામલતદાર એટીવિટી તરીકે, મહેન્દ્ર સુરતીને નાયબ મામલતદાર મતદાર યાદી સોનગઢ, ચીમન પાડવીને નાયબ મામલતદાર મતદાર યાદી પ્રાંત કચેરી, પ્રજ્ઞાબહેન ચૌધરીને નાયબ મામલતદાર એમડીએમ અને તેજલબહેન ગામીતને નાયબ મામલતદાર મધ્યાહન ભોજન યોજના વ્યારા મુકાયા છે. ગોવિંદજી ઠાકોરને નાયબ મામલતદાર ડિઝાસ્ટર કલેક્ટર કચેરી, અજયસિંહ રાઠોડને નાયબ મામલતદાર પુન: વસવાટ કચેરી સોનગઢ, ચંદ્રશેખર શર્માને ના. મામલતદાર ઇ ધરા વ્યારા, કિશોર ચૌધરીને નાયબ મામલતદાર મતદાર યાદી , રાકેશ વસાવાને ના. મામલતદાર સોનગઢ અને સતીષ ચૌધરીને ના. મામલતદાર પુરવઠા સોનગઢ તરીકે બદલી કરાયા છે. દિનેશ પટેલને કૂકરમુંડા, અક્ષય વળવી મહેસુલ ઉચ્છલ, સુનિલ ચૌધરીને નાયબ મામલતદાર મહેસુલ નિઝર, નિતેશ વસાવાને ઉચ્છલ અને કૈલાસબહેન પરમારને મામલતદાર એમડીએમ કલેક્ટર કચેરી વ્યારા મૂક્યા છે.

## ૭ વર્ષીય બાળકીને પેપ્સીની લાલચ આપી વૃદ્ધનું દુષ્કર્મ

કુકરમુંડા- તાપી જિલ્લાના નિઝર તાલુકા પંથકમાં રહેતી ૦૭ વર્ષ ૦૯ માસની માસુમ બાળકી ગત રોજ કોઈક વસ્તુ લેવા માટે વેલદા ગામે દુકાનમાં ગઈ હતી. તે વખતે તેણીને અંદાજિત ૬૫ વર્ષીય દુકાનદારે પેપ્સી આપવાની લાલચ આપીને પોતના ઘરના પહેલા માળે લઇ જઈને દુષ્કર્મ આચર્યું હોવા અંગે ભોગ બનનાર બાળકીની માતાએ માસુમ બાળકી સાથે દુષ્કર્મ આચરનાર ઈસમની સામે નિઝર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી. નિઝર પોલીસે પોક્સો એક્ટની કલમ હેઠળ ગુનોનોંધીને વધુ તપાસ હાથધરી છે.

૦૯ / ૦૪ / ૨૦૨૫ના રોજ સાંજે નિઝર તાલુકા પંથકમાં રહેતી ૭ વર્ષ ૯ માસની માસુમ બાળકી કોઈક વસ્તુ લેવા ગઈ હતી. તે વખતે ૬૫ વર્ષીય દુકાનદાર દશરથ બધુ પાડવી નામના ઈસમે બાળકીને પેપ્સી આપવાની લાલચ આપી હતી અને પોતાના ઘરના પહેલા માળે લઇ જઈ માસુમ બાળકી સાથે બળજબરી દુષ્કર્મ આચર્યું હતું. જે ભોગબનનાર બાળકી ગભરાતી - ગભરાતી પોતના રહેઠાણના સ્થળે આવી હતી અને રડતા રડતા બનાવ અંગેની જાણ તેની માતાને કરી હતી. જેથી ભોગ બનનાર બાળકીના માતા દ્વારા ગત રોજ આરોપી દુકાનદાર દશરથ પાડવી વિરુદ્ધમાં નિઝર પો.સ્ટે.માં ફરિયાદ આપતા નિઝર પો.સ્ટેના પોલીસ ઇન્સ્પેક્ટર એમ. ડી. વિઠ્ઠલપરાએ બાળકી સાથે દુષ્કર્મ આચરનાર ઈસમ સામે પોક્સો એક્ટની કલમ હેઠળ ગુનો નોંધીનેગણતરીના જ કલાકોમાં આરોપીને ઝડપી આ કાર્યવાહી હાથધરી છે.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

## લક્ષ્ય સફળતાનો પર્યાય છે



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

જે રીતે એક એક કોળીઓ ખાતા ખાતા ભોજન સમાપ્ત થાય છે એવી રીતે લક્ષ્ય કેટલાક ભાગોમાં વિભાજીત કરી તેમને એક પછી એક પુરા કરો. લક્ષ્ય એક લેખિત કથન છે, જે તમારા જીવનને સાર્થક દિશા પ્રદાન કરે છે. તમે જે મેળવવા ઇચ્છોછો અથવા જે કરવા ઇચ્છોછો એજ દિશામાં લક્ષ્ય નક્કી કરો. દિલમાં કંઇક કરવાની આગને જીવિત રાખો તેમજ શાંત સહજ મનથી આગળ વધો.

સમય આપણા હાથમાંથી રેતીની જેમ લપસી જાય છે અને એકવાર ગયેલો સમય ફરી ક્યારેય નથી આવતો. જે લોકો સમયનો ઉપયોગ સમજદારીથી કરે છે તેઓ અર્થપૂર્ણ જીવન જીવી શકે છે. તમારું લક્ષ્ય સમયસર નક્કી કરો.

તમે ભવિષ્યમાં શું બનવા માંગો છો ? એવા વિચાર તમે અવારનવાર કરતાં હશો સ્વપ્ના પણ જોતાં હશો. તમે જે બનવાનું વધારે વખત વિચારો છો એ જ તમે બની જાવ છો. તમારી પાસે ભવિષ્યમાં ઘણું બધું બનવાની સંભાવનાઓ છે પરંતુ શું બનવું છે એ તમારે નક્કી કરવું પડશે. એટલે કે તમારું લક્ષ્ય તમારે નિર્ધારિત કરવું પડશે. જેથી તમારા જીવનને ચોક્કસ દિશા આપી શકાય.

જયારે સફળ લોકોને પૂછવામાં આવ્યું કે મોટે ભાગે તમે શેના વિશે વિચાર કરો છો ત્યારે એક સામાન્ય જવાબ એ મળ્યો કે મોટા ભાગના સમયે બધાં જ સફળ લોકો ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવા વિશે વિચારતા હતા અને તેના પર ધ્યાન કેન્દ્રિત કરી રાખતાં હતા એટલું જ નહિં એ મેળવવા માટે સતત કાર્યરત રહેતા હતાં, અને આ જ પ્રશ્ન નિષ્ફળ લોકોને પૂછ્યો ત્યારે તેમણે જવાબ આપ્યો કે મોટા ભાગના સમયે તેઓ તેમની સમસ્યાઓ, ચિંતાઓ અને તેમની પાસે જે નથી તેનો વિચાર કરતાં હતાં અને આ બધાં માટે બીજાને દોષ આપતાં રહેતા હતા.

સફળતાનો પર્યાય લક્ષ્ય છે. સ્પષ્ટ લક્ષ્ય વગર જીવવું એ ધુમ્મસમાં કાર ચલાવવા જેવું છે. તમારી કાર ગમે તેટલી આધુનિક હોય. એનું એન્જિન ઉત્તમ હોય તો પણ ધુમ્મસમાં તમે કાર ધીમે ધીમે ચલાવશો અને સારામાં સારી સડક પર પણ ગતિ નહિં પકડી શકો. જીવનમાં લક્ષ્ય સ્પષ્ટ કરવાથી ધુમ્મસ ઓગળી જાય છે. તમે તમારી શક્તિઓ અને ખૂબીઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી તેનો ઉપયોગ કરી શકો છો. સ્પષ્ટ લક્ષ્ય તમને જિંદગીનું એક્સિલેરેટર દબાવીને સફળતાની દિશામાં ઝડપથી આગળ વધવામાં મદદ કરે છે.

સફળતાના શિખર પર પહોચવાની મનોકામના રાખવા વાળા પ્રત્યેક વ્યક્તિએ તેમના મનના ઊંડાણમાં પડેલી એક મહત્ત્વપૂર્ણ સાઇબર મીકેનિઝમ ને સમજી લેવાની જરૂર છે. આ મીકેનીઝમને સમજવાથી વ્યક્તિ પોતાનું લક્ષ્ય સ્પષ્ટ રાખી શકે છે.

તમે સંદેશા વાહક કબૂતર ના વિષે તો સાંભળ્યું જ હશે. જુના જમાનામાં આધુનિક સંદેશા વાહક સાધનો કે પછી પોસ્ટ, કુરિયર એ સોસિયલ મીડિયાની વ્યાપક સગવડો ન હતી ત્યારે પોતાના પહેલા પ્રેમની પહેલી ચિઠ્ઠી પ્રેમિકા તેના પ્રેમીને કબૂતરના માધ્યમથી પહોચાડતી હતી. માર્ગમાં ગમે તેટલા અવરોધો આવે તો પણ કબૂતર નિર્ધારિત સ્થળે આ ચિઠ્ઠી અચૂક પહોચાડી દેતું હતું.

આ પત્રવાહક કબૂતરને એના રહેઠાણમાંથી બાર કાઢી તમે એક પાંજરામાં પૂરી દો. ત્યારબાદ એ પાંજરાને કામળાથી લપેટી લો અને પછી એ પાંજરાને એક પેટીમાં પેક કરી દો અને પછી એ પેટીને એક બંધ ટ્રકમાં મૂકી દો ત્યારબાદ તમે એ ટ્રકને કોઈ પણ દિશામાં એક હઝાર કે તેથી વધારે કિલોમીટર દૂર લઇ જાઓ પછી ટ્રકમાંથી પેટીને બહાર કાઢી એને ખોલી નાખો. કામળો હટાવી દો અને પાંજરું ખોલી નાખો. એની સાથે જ કબૂતરને દિશાહીન કરવાના તમામ પ્રયત્નો છતાં પણ કબૂતર આકાશમાં ઉડવા માંડશે અને ત્રણ ચક્કર લગાવીને કોઈ પણ પ્રકારની ભૂલ કર્યા વગર એક હઝાર કિલોમીટર દૂર તેના મૂળ રહેઠાણની દિશા તરફ ઉડવા લાગશે. આ અદ્ભુત સાયબર મિકેનિઝમ કબૂતરની જેમ મનુષ્યમાં પણ છે. આ સાયબર મિકેનિઝમનો ઉપયોગ મનુષ્ય ત્યારે જ કરી શકે જયારે એનું લક્ષ્ય સ્પષ્ટ હોય. તમારે શુંમેળવવું છે, ક્યાં પહોચવું છે એનું ચિત્ર તમારા મનમાં સ્પષ્ટ હોય એ તો જરૂરી છે જ એ ઉપરાંત તમને તમારી જાતમાં વિશ્વાસ હોય, શ્રદ્ધા હોય, કઠોર પરિશ્રમ કરવાની તમારામાં તાકાત હોય તો તમારા વિચાર, તમારી માન્યતા અને તમારી બધી જ એકશન તમને તમારા લક્ષ્ય તરફ ચોક્કસ લઇ જશે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●


સંપર્ક- અનિલભાઈ મો.97242 60058



સંપર્ક-મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ-૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ-૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# કાકરાપાર અણુમથક ખાતે ફાયર સર્વિસ દિવસની ઉજવણી કરવામાં આવી





**તાપી-**કાકરાપારની સી.આઈ.એસ.એફ ફાયર ટીમે ફાયર સ્ટેશન ખાતે 'નેશનલ ફાયર સર્વિસ દિવસ' ની ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે શ્રીઅજયકુમાર ભોલે, કે.એ.પી.એસ સ્ટેશન ડાયરેક્ટર જોડાયા હતા. આ કાર્યક્રમના અનુસંધાને ૧૯૪૪ માં બોમ્બે ડોકયાર્ડમાં ભયાનક આગ દુર્ઘટના દરમિયાન આગ અકસ્માતમાં તથા અન્ય આગ દુર્ઘટનામાં શહીદ થયેલા ફાયર ફાઇટરોને શહીદ સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ગત વર્ષ થયેલા આગ અકસ્માતનો અહેવાલ ફાયર વિંગના ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી બી.પી યાદવ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે અગ્નિશમન સપ્તાહનો ઉદ્દેશ પ્લાન્ટના કર્મચારીઓ, સામાન્ય નાગરિકો, શાળાના બાળકો અને અન્ય લોકોને અગ્નિ સલામતી વિશે જાગૃત કરવાનો છે. ભૂતકાળમાં થયેલા વિવિધ પ્રકારના આગ અકસ્માતોનું વર્ણન કરતાં તેમણે જણાવ્યું હતું કે ફાયર બ્રિગેડના જવાનોને સાચી શ્રદ્ધાંજલિ ત્યારે જ મળશે જયારે આપણે આપણા વ્યવહારિક જીવનમાં ફાયર સેફ્ટીને લગતી સાવચેતી અને માર્ગદર્શિકાને આત્મસાત કરીશું. એવા પગલાં લો કે કાં તો આવી આગની ઘટનાઓ ન બને અથવા તો તેમની સંખ્યા ઘટી જાય.

ઉલ્લેખનીય છે કે અગ્નિ શમન સપ્તાહ દરમિયાન લોકોમાં આગ અકસ્માતો અંગે જાગૃતિ વધારવા માટે ફાયર બ્રિગેડ યુનિટ કે.એ.પી.એસ કાકરાપાર ફાયર બ્રિગેડ યુનિટના કર્મચારીઓ દ્વારા ઉત્તર બુન્યાદી કન્યા શાળા, બેડકુઆદુર પ્રાથમિક શાળા, કણજા, ગુજરાતી માધ્યમ શાળા કે. એ. પી. એસ ટાઉનશીપ, AECS શાળા KAPS ટાઉનશીપ અનુમાલા અને CISF સ્ટાફ, હોસ્પિટલ સ્ટાફ,પ્લાન્ટ કર્મચારીઓ, કામદારો માટે તાલીમ શિબિર તાલીમ શિબિરો યોજે છે. લોકોમાં આગ અકસ્માત અંગે જાગૃતિ કાર્યક્રમ અનુસંધાને વિવિધ પ્રકારની સ્પર્ધાઓ સાથે CISF અને NPCILની મહિલા ગૃહિણીઓ માટે પ્રાથમિક સારવાર અગ્નિશામક તાલીમનું પણ આયોજન કરવામાં આવે છે. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી અજય કુમાર ભોલેએ તેમના સંબોધનમાં CISF ફાયર વિભાગની કામગીરીની પ્રશંસા કરી હતી અને ફાયર વિભાગમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમના સંબોધનમાં તેમણે જણાવ્યું હતું કે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળની ફાયર બ્રાન્ચ કાકરાપાર સાઇટનું સંપાદન થયા બાદ કેએપીએસ કાકરાપારના ફાયર સેફ્ટીના વાતાવરણમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે અને છેલ્લા બે વર્ષમાં આગની કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ નથી અને આ ફાયરટીમ કાકરાપાર અને સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે. ફાયર વિભાગના CISF કાકરાપારે કેએપીએસની બહાર પણ ફાયર કોલનો જવાબ આપવામાં તેમની કાર્યક્ષમતા અને કર્તવ્યનિષ્ઠા દર્શાવી છે, જેના માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સમયાંતરે તેમની ખૂબ પ્રશંસા કરવામાં આવી છે.

## પાવરગ્રીડ અને સ્ટરલાઈટ વીજલાઈનના વિરોધમાં આજે મોતામાં ખેડૂતોની બેઠક



બારડોલી: બારડોલી વિસ્તારમાંથી પસાર થનારી નવી ઉચ્ચ ક્ષમતાની વીજલાઇન પરિયોજનાઓને કારણે ઊભી થયેલી પરિસ્થિતિ અને ખેડૂતો પર તેની સંભવિત અસરો અંગે ચર્ચા કરવા તથા ભવિષ્યની રજાનીતિ ઘડવા માટે આવતીકાલે, તારીખ ઈંજ એપ્રિલે મોતા ગામ ખાતે એક મહત્ત્વપૂર્ણ ખેડૂત બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક બપોરે ૨ કલાકે ગામના બહુચરાજી માતાજીના મંદિર પરિસરમાં યોજાશે. બેઠકની અધ્યક્ષતા પરિમલભાઈ પટેલ સંભાળશે. આ બેઠકનો મુખ્ય હેતુ બે નવી સૂચિત ૭૬૫ કેવી વીજલાઈનો પાવરગ્રીડ વટામણ અને સ્ટરલાઈટ દ્વારા નંખાનારી દક્ષિણ ઓલપાડથી બોઇસર લાઈનના મુદ્દે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવાનો છે.

આ લાઈનો જે ખેડૂતોની ખેતીની જમીનમાંથી પસાર થવાની છે, તેમને થનાર નુકસાન, વળતરની નીતિઓ અને પ્રોજેક્ટની અન્ય અસરો અંગે ગહન મંથન કરવામાં આવશે. સાથે જ આ મુદ્દે ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે આગળ ક્યાં પગલાં લેવા જોઈએ તે અંગેની સર્વસંમત રણનીતિ પણ આ બેઠકમાં નક્કી કરવામાં આવશે.

આયોજકો દ્વારા તમામ ખેડૂત ભાઈઓ, ખાસ કરીને જે ખેડૂતોની જમીન આ વીજલાઈન પ્રોજેક્ટ હેઠળ પ્રભાવિત થાય છે, તેમજ આજુબાજુનાં ગામોના અન્ય અસરગ્રસ્ત ખેડૂત મિત્રોને પણ આ બેઠકમાં મોટી સંખ્યામાં અચૂક હાજર રહેવા માટે આહવાન કરવામાં આવ્યું છે.

જય જવાન જય કિસાન'ના નારા સાથે, ખેડૂતોને એકત્ર થઈને તેમની સમસ્યાઓ અને માંગણીઓ અંગે સામૂહિક અવાજ ઉઠાવવા અને સંગઠિત રીતે આગામી કાર્યવાહી નક્કી કરવા વિનંતી કરવામાં આવી છે. આ બેઠક અસરગ્રસ્ત ખેડૂતો માટે તેમની ચિંતાઓ વ્યક્ત કરવા અને તેમના અધિકારો માટે લડતની દિશા નક્કી કરવા માટે અત્યંત મહત્ત્વની સાબિત થશે.

## બારડોલી વિધાનસભાના કડોદરા નગર ખાતે ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે એમની પ્રતિમા પર પુષ્પ અર્પણ કરી વંદન કર્યા





**કડોદરા-** સુરત જીલ્લાની બારડોલી વિધાનસભાના કડોદરા નગર ખાતે ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે એમની પ્રતિમા પર પુષ્પ અર્પણ કરી વંદન કર્યા. જેમાં બારડોલી વિધાનસભાના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર તેમજ કડોદરા નગરના પૂર્વ પ્રમુખ અંકુરભાઈ દેસાઈ કડોદરા નગર ભાજપ સંગઠનના ખૂબ મોતી સંખ્યામાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતાં.

## હિટવેવથી બચવા માટે માર્ગદર્શિકાનું પાલન કરવા તાપી જિલ્લા વહિવટી તંત્ર દ્વારા અનુરોધ

### સન સ્ટ્રોક (લૂ) થી બચવા બચવા માટે આટલું જરૂર કરો

**કેટલીક આવશ્યક તકેદારી રાખવાથી અસહ્ય ગરમીથી રાહત મેળવી શકાશે**



**તાપી** -રાજયભરમાં કાળઝાળ ગરમી અનુભવાઈ રહી છે. લૂ લાગવાના કિસ્સાઓમાં વધારો નોધાઈ રહ્યો છે.ત્યારે તાપી જિલ્લાની જાહેર જનતાને હિટવેવના સમયે કેટલીક બાબતોનું પાલન કરી ગરમીથી બચવા માટે જિલ્લા વહિવટી તંત્ર અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, તાપી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

હીટ વેવ દરમિયાન જરૂરી ન હોય તો ઘરની બહાર નીકળવાનું ટાળવુ. આખુ શરીર અને માથુ ઢંકાય તે રીતે સફેદ સુતરાઉ ખુલતા કપડા પહેરવા. ટોપી, ચશ્મા, છત્રીનો ઉપયોગ કરવો જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃદ્ધો, અશક્ત અને બીમાર વ્યક્તિઓએ તડકામાં વિશેષ કાળજી લેવી.ભીના કપડાથી માથું ઢાંકી રાખવુ.અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવું, અને વારંવાર ઠંડુ પાણી પીવું,દિવસ દરમિયાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહિ પીવું, શક્ય હોય તો લીંબુ શરબત બનાવી પીવુ, ગરમીમાં બને ત્યાં સુધી ભુખ્યા ન રહેવું

લીંબુ શરબત, મોળી છાશ, તાડફળી, અને નારીયેળનું પાણી, ખાંડ-મીઠાના પીણાં પીવા જોઈએ. બજારમાં મળતો ખુલ્લો વાસી ખોરાક, બરફ વગેરેનો ઉપયોગ ટાળવો. લગ્ન પ્રસંગમાં દૂધ માવાની આઈટમ ખાવી નહી. ચા-કોફી અને આલ્કોહોલના સેવનથી લૂ લાગવાની શક્યતા વધે છે. તેથી તેનું સેવન કરવાનું ટાળવું. બપોરે બે થી ચાર વાગ્યા સુધી બહાર નીકળવાનું ટાળવુ.

માથુંદુ:ખવુ,પગની પિંડીઓમાં દુ:ખાવો થવો, શરીરનું તાપમાન વધવુ, ખૂબ તરસ લાગવી, શરીરમાંથી પાણી ઓછું થવુ, ઉલટી, ઉબકા, ચક્કર, આંખે અંધારા આવવા, બેભાન થઈ જવુ, સુધ-બુધ ગુમાવી દેવી, અતિ ગંભીર કિસ્સાઓમાં ખેંચ આવવી વગેરે હીટ વેવનાં લક્ષણો છે.લૂ લાગવાની અસર જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર કે સરકારી દવાખાનાનો કે ૧૦૮ નો સંપર્ક સાધવો.આમ કેટલીક આવશ્યક તકેદારી રાખવાથી અસહ્ય ગરમીથી રાહત મેળવી શકાશે.

## કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ મહારાણા સાંગા જન્મ જયંતી પર શુભેચ્છા પાઠવી



ભારત સરકાર ના રોડ પરિવહન કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ મહારાણા સાંગા જન્મ જયંતી પર શ્રી રાજપુત કરણી સેના દ્વારા સામાજિક સેવા કાર્યોની નોધ લઈને વિડીયો ના માધ્યમથી શુભેચ્છા શુભકામના પાઠવી હતી.

## ભારત દેશના તમામ ક્ષત્રિય રાજપુત સમાજમાં અમિત શાહથી નારાજ



રાણા સાંગા જયંતિ પર, દેશના ગૃહમંત્રી મરાઠા નાયક શિવાજીને યાદ કરી રહ્યા હતા, આજે તેમણે જલિયાંવાલા બાગ પર ટ્વીટ કર્યું. પણ રાણા સાંગા જયંતિ પર નહીં. ગુજરાતમાં અમિત શાહ જે લોકસભા બેઠક પરથી સાંસદ બને છે ત્યાં રાજપૂતોની વસ્તી સારી છે.

ગૃહમંત્રી અમિત શાહ પોતાના મુખ્ય મતદારો ને ભુલી જઈ આર.એસ.એસ. ની વિચારધારા પર કામ કરી રહયા છે. દિલ્હીના ભાજપના નેતાઓ રાણા સાંગાની જન્મ જયંતી ભુલી ગયા. જેનાથી ક્ષત્રિય રાજપુત સમાજ નારાજ...!!!

Date-16/04/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તાપી જિલ્લા ના સોનગઢ ખાતે

### ડો. બાબા સાહેબ આંબેડકરજીના ૧૩૪ મી જન્મ જયંતી નિમિત્તે દી બુધ્ધીષ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ, દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકરજી ની પ્રતિમાને પુષ્પગુચ્છ અર્પણ કરી માનવંદના આપી







તાપી જિલ્લા ના સોનગઢ ખાતે, ૧૪ મી એપ્રીલ ૨૦૨૫ ના રોજ વિશ્વ વિભુતી, વિશ્વરત્ન એવા ડો. બાબા સાહેબ આંબેડકરજીના ૧૩૪ મી જન્મ જયંતી નિમિત્તે દી બુધ્ધીષ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ, ભારતીય બૌદ્ધ મહાસભા તથા સમતાવાદી મહામાનવ સન્માન સમીતી દ્વારા સવારે ૧૦:૦૦ કલાકે વૈચારિક કાર્યક્રમ તથા ડો. બાબા સાહેબ આંબેડકરજી ની પ્રતિમાને પુષ્પગુચ્છ અર્પણ કરી માનવંદના આપી હતી. સમગ્ર કાર્યક્રમ ડો. બાબા સાહેબ આંબેડકરજી ની પ્રતીમા પાસે આંબંકર ચોક ખાતે આજે પોગ્રામ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ સાંજે ૭ થી ૧૦ કલાક સોનગઢ નગરમાં શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યો હતું જેમાં ૪ થી ૫ હજારોની સંખ્યામા બહુજન મૂળ નિવાસી લોકોએ ભાગ લીધેલો હતો. અને આ શોભા યાત્રામાં લોકો એ ખૂબ જ હર્ષ ઉલ્લાસ અને શિસ્તબદ્ધ રહીને શોભાયાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હતી. અને આખરીમાં ૨૫ કિલો નો કેક ડી.વાય.એસ.પી પરમાર સાહેબ દ્વારા કેક કાપવામાં આવ્યો હતો.

અને અંતમાં ટ્રસ્ટ અને પોલીસ પ્રશાસન તે સાથે પ્રેસ મીડીયા ના પણ હાજર રહેલ શોભા યાત્રીઓ તથા ડીજે સંચાલકોનો સુનિલ સામુદ્રે દ્વારા ટ્રક વતી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અને કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયેલ હતો. આ તબક્કે તમામ બહુજન સમાજના સંવિધાન માં માનનારા લોકોએ એક બીજાને હાર્દીક શુભેચ્છા પાઠવી હતી.

## રાજપુત અવસાન



**સ્વ. ગુણવંતસિંહ છત્રસિંહ દેસાઈ**
**સ્વ.તા.૧૩-૦૪-૨૦૨૫ને**

દિલગીરી સાથે જણાવવાનું કે મારા ભાઈશ્રી/પિતાશ્રી **ગુણવંતસિંહ છત્રસિંહ દેસાઈ**નું **તા.૧૩-૦૪-૨૦૨૫**ને **રવિવાર**ના રોજ **દુઃખદ અવસાન** થયેલ છે. પ્રભુને ગમ્યુ તે ખરૂં.

**સદ્ગતની સંયુક્ત પ્રાર્થનાસભા તા.૧૮-૦૪-૨૦૨૫ને શુક્રવારના રોજ બપોરે ૩ કલાકે અમારા નિવાસ સ્થાને પાલી મુકામે રાખેલ છે. (લૌકિક રિવાજ સદંતર બંધ છે.)**

લિ.

ચંદ્રસિંહ લાલસિંહ દેસાઈ (કાકા ભાઈ)
ખુમાનસિંહ લાલસિંહ દેસાઈ (કાકા ભાઈ)
ઉદયસિંહ ગુલાબસિંહ દેસાઈ (કાકા ભાઈ)
બળદેવસિંહ ગુલાબસિંહ દેસાઈ (કાકા ભાઈ)
પ્રવિણસિંહ ગુલાબસિંહ દેસાઈ (કાકા ભાઈ)
સુરેન્દ્રસિંહ છત્રસિંહ દેસાઈ (ભાઈ)
જતીનસિંહ ગુણવંતસિંહ દેસાઈ (પુત્ર)
વિજયસિંહ ગુણવંતસિંહ દેસાઈ (પુત્ર)
મિહિરસિંહ સુરેન્દ્રસિંહ દેસાઈ (ભત્રીજા)

**નિવાસ સ્થાન : મુ.પાલી, તા.કામરેજ, જી.સુરત.**

**શ્વસુર પક્ષ (મુ.પો.છીત્રા, તા.બારડોલી)**

સંજયસિંહ અમીરસિંહ બારડ
જિજ્ઞેશસિંહ કિશોરસિંહ બારડ

## જોઈએ છે..! જોઈએ છે..!



**ગુજરાત આત્મીયતા**

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

**આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો**

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

## ઓલપાડના સેનાખાડી પર રૂ.૫.૮૦ કરોડના ખર્ચે નવનિર્મિત ફોરલેન બાયપાસ રોડને ખૂલ્લો મૂકતા વન, પર્યાવરણ રાજયમંત્રી મુકેશભાઈ પટેલ





**ઓલપાડ-** ઓલપાડમાં ૧૦૦ બેડની નવી સરકારી હોસ્પિટલનું નિર્માણ કરાશે, રાજય સરકાર દ્વારા સુરતથી કીમ સુધીના રોડને સિક્સ લેન કરાશે. બાયપાસના કારણે ઓલપાડ ગામતળના બજાર વિસ્તારની ટ્રાફિક સમસ્યાનું નિવારણ થશે તથા ગામતળમાં થતા અકસ્માતો ઘટશે -: વનમંત્રી મુકેશભાઈ પટેલ, રોડ કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ નહીં: વન, પર્યાવરણ રાજયમંત્રી, સાંસદ મુકેશભાઈ દલાલની વિશેષ ઉપસ્થિતિ, ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિના અવસરે બાયપાસ રોડનું 'ડો.બાબાસાહેબ આંબેડકર બાયપાસ' નામકરણ.

## સાપુતારામાં પશુ તસ્કરી ઝડપાઈ:૨૧ પશુઓની ક્રૂર હેરાફેરી કરતા ૪ આરોપી પકડાયા, ૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત



**સાપુતારા-** સાપુતારા પોલીસે પશુઓની ગેરકાયદેસર હેરાફેરીના કેસમાં મોટી કાર્યવાહી કરી છે. પોલીસે બે ટેમ્પોમાંથી ૧૮ ગાય, ૨ બળદ અને ૧ વાછરડીને મુક્ત કરાવ્યા છે. આ પશુઓને રાજસ્થાનથી હૈદરાબાદ લઈ જવાતા હતા.

પોલીસે RJ-૧૩-GC-૩૪૬૧ અને PB-૦૩-BA-૭૯૩૬ નંબરના બે અશોક લેલેન્ડ ટેમ્પો જપ્ત કર્યા છે. પશુઓને ટૂંકી દોરીથી બાંધીને, પાણી અને ખોરાક વગર, ખીચોખીચ ભરીને લઈ જવાતા હતા. આરોપીઓ પાસે કોઈ પાસ પરમિટ પણ નહોતા.

પકડાયેલા આરોપીઓમાં ૧.વેદપ્રકાશ પોલારામ રાજપુત, ૨.રામસ્વરૂપ રાધેશ્યામ રાઠોડ, ૩. બનવારીલાલ જસરામ કુંભાર અને ૪. શિશપાલ હનુમાન રાજપુત નો સમાવેશ થાય છે. તમામ આરોપીઓ રાજસ્થાનના વતની છે.

પોલીસે કુલ રૂ. ૨૩,૦૫,૧૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં બે ટેમ્પો (રૂ. ૨૦ લાખ), ૧૮ ગાય (રૂ. ૨.૭૦ લાખ), ૨ બળદ (રૂ. ૨૦,૦૦૦), ૧ વાછરડી (રૂ. ૧,૦૦૦), ૨ મોબાઈલ (રૂ. ૬,૦૦૦) અને રોકડ રકમ રૂ. ૮,૧૧૦નો સમાવેશ થાય છે.

આરોપીઓ વિરુદ્ધ ગુજરાત પશુ પ્રત્યે ક્રૂરતા અટકાવવાનો કાયદો ૧૯૬૦, ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૭ અને મોટર વ્હીકલ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કાર્યવાહી સુરત રેન્જ IGP અને ડાંગના SP યશપાલ જગાણીયાની સૂચના મુજબ કરવામાં આવી હતી.

## ભાડેથી જોઈએ છે

રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

## તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત

### CEIR પોર્ટલના ઉપયોગથી બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આશરે રૂ.૫૧૦૦૦ ની કિંમતના ખોવાયેલ ૦૨ મોબાઈલ ફોન શોધી કાઢી અરજદારોને પરત આપતી બારડોલી ટાઉન પોલીસ







**બારડોલી -** પોલીસ મહાનિરીક્ષક પ્રેમવિરસિંગ સાહેબ સુરત વિભાગ નાઓની રાહબરી હેઠળ નાયબ પોલીસ મહાનિરીક્ષક સાહેબશ્રી હિતેષ જોયસર સુરત ગ્રામ્ય નાઓ તરફથી પોલીસ સ્ટેશનમાં નાગરીકોના ખોવાયેલ મોબાઈલ શોધી કાઢી તેના મુળ માલીકઓને પરત કરવા માટે સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ. જે અન્વયે વિભાગીય પોલીસ અધિક્ષક એચ.એલ.રાઠોડ સાહેબશ્રી બારડોલી ડીવીજન સુરત ગ્રામ્ય નાઓના દિશા નિર્દેશ મુજબ પોલીસ ઇન્સ્પેક્ટર વી.એ. દેસાઈ નાઓના નેતૂત્વ હેઠળ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ નું બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન ખાતે આયોજન કરવામાં આવેલ હતુ.

જે અનુસંધાનમાં બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનના માણસોએ CEIR પોર્ટલનો ઉપયોગ કરી CEIR પોર્ટલમાં એન્ટ્રી કરી ટેકનીકલ વર્ક આઉટ કરી આશરે કિ.રૂ.૫૧,૦૦૦ ની કિંમતના કુલ ૦૨ મોબાઈલ ફોન શોધી કાઢી અરજદાર નાઓને પરત કરવામાં આવેલ છે.

## રાષ્ટ્રીય અગ્નિશામક સેવા દિવસ





રાષ્ટ્રીય અગ્નિશામક સેવા દિવસ. સુમિલન ઈન્ડસ્ટ્રીઝ નાં સૌજનય થી ફાયર સ્ટેશન ની મદદ કરી રહ્યાં છે અને માટીવા દ્વારા આજે ૧૪ એપ્રિલના રોજ, ભારત અગ્નિશામકો અને અગ્નિશામક સેવાના કર્મચારીઓ દ્વારા આપવામાં આવેલી હિંમત, સમર્પણ અને બલિદાનને માન આપવા માટે રાષ્ટ્રીય અગ્નિશામક સેવા દિવસ ઉજવે છે. આ દિવસ અગ્નિ સલામતી અને નિવારણ વિશે જાગૃતિ ફેલાવવાનો અને ફરજ બજાવતા પોતાના જીવ ગુમાવનારા બહાદુર આત્માઓને યાદ કરવાનો છે.

## વ્યારા ખાતે ડો બાબા સાહેબ આંબેડકર ની જયંતિ નિમિત્તે કાર્યક્રમ યોજાયો



**વ્યારા-** બંધારણ ના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરજી ની જન્મજયંતિ નિમિતે તાપી જિલ્લા માં અલગ અલગ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વ્યારા શહેર ના બાબા સાહેબની પ્રતિમા નજીક ફુલહાર કરી કાર્યક્રમ યોજાયો હતો .

તાપી જિલ્લા ના વ્યારા શહેર સહિત સમગ્ર જિલ્લા માં ડો બાબા સાહેબ આંબેડકર ની જન્મજયંતિ નિમિતે તાપી જિલ્લામાં અલગ અલગ કાર્યક્રમ યોજાયા હતા. જે પૈકી વ્યારા ખાતે બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમા પાસે પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વ્યારા ના ધારાસભ્ય મોહનભાઇ કોકણી સહિત જિલ્લા ભાજપ મહામંત્રી રાકેશ શાહ, વ્યારા નગર પાલિકાના પ્રમુખ રિતેશ ઉપાધ્યાય સહિત નગરના આગેવાનો દ્વારા બાબા સાહેબની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરીને બાબા સાહેબજીના જીવન પર વાતો કરી બંધારણ અંગે માર્ગદર્શન ઉપસ્થિતઓને અપાયું હતું.



**કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!**
Mo. 9624532454

**ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!**
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).